



## સુકમાના શહીદોને શહેરના યુવાનોની 'સ્વયંભૂ' શ્રધ્ધાંજલિ

છત્તીસગઢના સુકમા ખાતે નકસલી હૂમલામાં દેશના ૨૭ વીર જવાનો શહીદ થયાની ઘટનાએ દેશભરમાં આક્રોશની જ્વાળા ફેલાવી છે. ગાંધીનગરમાં પણ ખાસ કરીને યુવા વર્ગમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત જોવા મળી રહ્યાં છે. મંગળવારે દિવસભર આ ઘટનાના સમાચારને પગલે સોશ્યલ મિડિયા પર અનેક સંદેશા વહેતા થયા હતા અને યુવાનો તીખી પ્રતિક્રિયા આપતા જોવા મળ્યા હતા. સોશ્યલ મિડિયા પર સ્વયંભૂ રીતે શહેરના યુવાનોએ વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા મીણબત્તી સાથે માર્ચ યોજવાનુ નક્કી કર્યુ અને જોતજોતામાં એ સંદેશ વાઈરલ થઈ ગયો હતો. જેના પગલે મંગળવારે સાંજે ઘ-૪ સર્કલ પાસે યુવાનોએ સ્વયંભૂ રીતે એકત્ર થઈ મીણબત્તી સાથે મૌન માર્ચ પાસ્ટ યોજી વીર શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સાથે પ્રાર્થના કરી હતી.

# તાલુકા પંચાયતના સભ્યોની ગ્રાન્ટમાં ૩ લાખનો વધારો કરાયો

### વિકાસના કામો માટે અપાતી ૭ લાખની ગ્રાન્ટ વધારીને ૧૦ લાખ કરાઈ : ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં લેવાયેલો નિર્ણય : નાયબ ટીડીઓને શ્રેષ્ઠ કર્મયોગી એવોર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં વિસ્તારમાં વિકાસના માટે સભ્યોને અપાતી ગ્રાન્ટમાં રૂ. ૩ લાખનો વધારો કરવા માટે તેમજ ગત વર્ષે પાછળથી આ રકમમાં કરાયેલા વધારાને કારણે હાથ નહિ ધરી શકાયેલ કામો માટેની સત્તા પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડને સોંપવામાં આવી છે.

આજે તાલુકા પંચાયતની મળેલ સામાન્ય સભામાં સભ્યોને વિસ્તારમાં વિકાસના કામો માટે અપાતી રૂ. ૭ લાખની ગ્રાન્ટ વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવી છે.

આજની આ બેઠકમાં નાયબ તાલુકા વિકાસ અધિકારી તરીકે શ્રેષ્ઠ કામગીરી કરવા માટે મુકેશ દવેને શ્રેષ્ઠ કર્મયોગી એવોર્ડ એનાયત કરવાનો નિર્ણય પણ કરવામાં આવેલ છે. જે હવે પછી અલાયદો કાર્યક્રમ કરીને તે એવોર્ડ એનાયત કરવામાં આવશે.

તાલુકા પંચાયતમાં ૩૧ સભ્યો છે અને હાલ ભાજપ પાસે સત્તા છે. સભ્યોની ગ્રાન્ટમાં કરાયેલા વધારાને પંચાયતના રાજકીય વર્તુળો 'ચૂંટણી ઈમ્પેક્ટ' લેખાવી રહ્યા છે.

આજની આ બેઠકમાં સભ્યોને વિકાસના કામોની ગ્રાન્ટમાં વધારો કરવાનો એક માત્ર મુદ્દો હોવાથી ગણતરીની મિનિટોમાં જ બેઠક સંપન્ન થઈ ગઈ હતી.

આજે પંચાયતની કારોબારી સમિતિની પણ બેઠક મળી હતી. જેમાં તાલુકામાં ચાલતા વિકાસના કામોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી તેમજ સરકારમાંથી વધુ અનુદાન પ્રાપ્ત થાય તે જોવા તાલુકા વિકાસ અધિકારીને જણાવવામાં આવ્યુ હતુ તેમજ તે અંગે જરૂરી પગલાં લેવા માટે પણ આગ્રહ કરવામાં આવ્યો હતો.

# આરટીઓને એડવાન્સ ટેક્ષ પેટે ૨૧.૧૬ કરોડની આવક

ગાંધીનગર તા ૨૫

નગરની હાઈટેક આર ટી ઓ કચેરી દ્વારા હેવી વ્હીકલ એડવાન્સ ટેક્ષ પેટે તોતિંગ આવક મેળવી છે. વર્ષ ૨૦૧૭ અન્વયે આર ટી ઓ એ હેવી વ્હીકલ ટેક્ષ અન્વયે રૂ ૨૧.૧૬ કરોડની આવક કરી છે. જે ગત વર્ષ કરતા રૂ ૮.૫૨ કરોડ વધુ છે.

**ગત વર્ષની સાપેક્ષમાં આર ટી ઓને ૮.૫૨ કરોડની વધુ આવક થઇ**

શહેરની આર ટી ઓ કચેરી અનેક વિધ સમસ્યાઓથી ઘેરાયેલી છે. હાઈટેક અને પેપરલેસ કચેરી મનાતી આર ટી ઓ કચેરીમાં અરજદારો વારંવાર ધક્કે ચઢતા હોવાનો આક્રોશ પ્રવર્તે છે. જયારે ટેકનિકલ ખામી અને સર્વર ડાઉન થવાના લીધે અરજદારોના કામો અટવાય છે. આ ઉપરાંત આર ટી ઓ કચેરી દ્વારા અરજદારોને ઘરેબેઠા આર સી બુક તેમજ લાઈસન્સ મળે તેવી વ્યવસ્થા ગોઠવામાં આવી હોવા છતા આ સુવિધા ખાડે ગઈ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જો કે આવકના મામલે આર ટી ઓ કચેરી પ્રતિવર્ષ પ્રગતિ સાધતી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જેમાં દંડ વસુલી તેમજ વાહનોના ટેક્ષથી લઈ વિવિધ ફી ના મુદ્દે આર ટી ઓ કચેરીને તગડી આવક થતી હોવાનુ સ્પષ્ટ થાય છે. વાહનોના એડવાન્સ ટેક્ષની વસુલાતમાં પણ આર ટી ઓ કચેરીએ તગડી આવક કરી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગત વર્ષ દરમિયાન હેવી વ્હીકલના એડવાન્સ ટેક્ષની વસુલાત અન્વયે રૂ ૧૨,૬૩,૮૫,૮૬૧ ની આવક કરી હતી. જયારે આ વર્ષે અલબત્ત વર્ષ ૨૦૧૭માં રૂ ૨૧,૧૬,૬૯,૭૪૯ રૂ ની આવક આર ટી ઓ કચેરીએ મેળવી છે. જયારે ગત વર્ષની સાપેક્ષમાં આર ટી ઓ કચેરીને હેવી વ્હીકલ ટેક્ષની આવકમાં રૂ ૮ ,૫૨,૮૩,૮૮૮ જેટલો વધારો થયો છે. આર ટી ઓ કચેરીને એડવાન્સ ટેક્ષ પેટે રૂ ૮.૫૨ કરોડની વધુ આવક થઈ છે.

# ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસમાં જ તાવના ૧૨૦૦થી વધુ દર્દીઓ મળ્યા

### હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૧૧૪૪ સ્થાનોએથી મચ્છરોના બ્રીડીંગ મળ્યા : બે દિવસમાં ૧ લાખ મકાનો આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મેલેરિયા તંત્રએ હાઉસ ટુ હાઉસ સર્વેન્સના બીજા દિવસે પણ ૨ લાખ ૩૩ હજારથી વધુ વ્યક્તીઓને આવરી લેવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

આજે બીજા દિવસે પણ ગ્રામ્ય વિસ્તારમાં ૫૪૯ જેટલા તાવના દર્દીઓ મળી આવ્યા છે. આમ બે દિવસમાં જ તાવના ૧૨૦૦થી પણ વધુ દર્દીઓ મળી આવતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જો કે મેલેરિયા તંત્રએ આ બન્ને દિવસ દરમ્યાન મળેલા તાવના દર્દીઓના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપેલ છે.

મેલેરિયા તંત્રની યાદીમાં જણાવાયા મુજબ આજે પણ ૧૧૪૪ જેટલા પાત્રોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે. ગરમીના આ પ્રકોપ વચ્ચે પણ જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

ગઈકાલથી શરૂ થયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અભિયાન એક સપ્તાહ સુધી ચાલવાનુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાંથી બીજા દિવસે પણ ૩૭ તાવના દર્દી મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સે. ૨૨, ૩, ૧૩, ૨૦ અને ૨ તેમજ પાલજ વિસ્તારમાંથી આજે બીજા દિવસે વધુ ૩૭ તાવના દર્દીઓ મળી આવ્યા છે. શહેરી મેલેરિયા તંત્ર દ્વારા શરૂ કરાયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે ૬ હજાર જેટલા મકાનોના ૧૦,૫૦૦ જેટલા પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી જેમાંથી ૨૮ જેટલા પાત્રોમાં પોરા મળી આવ્યા હતા. તંત્ર દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. ગઈકાલથી શરૂ થયેલ આ સર્વેલન્સમાં બે દિવસમાં જ ૭૫ જેટલા તાવના દર્દીઓ મળતાં તેમના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. તંત્રએ આજે ૯ જેટલા શૈક્ષણિક સંકુલોમાં પણ તપાસ હાથ ધરી હતી જો કે ત્યાંથી કોઈ જ પોરા મળ્યા નથી.

# શહેરમાં હજુ રહેણાંક લાયક સરકારી મકાનો ખાલીખમ છે

### ખંડેર બનતા સરકારી આવાસો વચ્ચે રહેણાંકને લાયક ખાલી મકાનોની સંખ્યા વિશેષ ! : આવાસોના મામલે પ્રતિક્ષાયાદી મોટી પરંતુ ખાલી આવાસોની ફાળવણી તેમજ મજબુતીકરણની કામગીરી મંદ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો હાલ તદન કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. છેલ્લા એક દાયકાથી હાથ ધરાયેલી આવાસ મજબુતીકરણની કામગીરી પણ મંદ પડી ગઈ છે. ત્યારે રહેણાંકને લાયક આવાસો પણ ઘણાં ઓછા છે. આવા સંજોગોમાં સેકટરોમાં વિવિધ કેટેગરીના આવાસો તદન ખાલી હાલતમાં હોવાથી આવાસ ઈચ્છુક અરજદારોમાં પણ રોષ વ્યાપ્યો છે. તંત્રના ચોપડે આવાસની માંગણી સંદર્ભે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે ખાલી પડેલા આવાસો પણ ફાળવણીના અભાવે બિનઉપયોગી ભાસી રહયા છે. ઉપયોગના અભાવે પણ આવાસોની હાલત દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. સે-૮ માં પણ આ પ્રકારના વિવિધ કક્ષાના ખાલી આવાસોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના આવાસો અગાઉ તોડી નાંખવાનો નિર્ણય લેવાયા બાદ તંત્ર દ્વારા નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે .જેના ઠેકાણે હાલ કોર્પોરેટ લુક ધરાવતા નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહયુ છે. જયારે હાલ પણ તબક્કાવાર જોખમી ભાસતા બ્લોકને પણ તોડી નાંખવાનુ કામ હાથ ધરવામાં આવે છે. પરંતુ શહેરમાં જોખમી આવાસોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યા બાદ હાલ સેકટરોમાં ખાલી આવાસોની સંખ્યા પણ વધુ હોવાનુ મનાઈ રહયુ છે. સેકટરોમાં કંગાળ હાલતમાં જોવા મળતા આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. એકબાજુ નવા આવસો બાંધવાનુ કામ ચાલી રહયુ

● અનુસંધાન પાન-૭ પર

# શાળા છોડવાના પ્રમાણપત્રમાં વિદ્યાર્થીનો આધાર કાર્ડ નંબર અને બેંક એકાઉન્ટની વિગતો દર્શાવવાની રહેશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના બાળકોના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં તેનો આધારકાર્ડ, બેંક એકાઉન્ટ નંબર તેમજ ડાયલ આધાર નંબર સહિતની વિગતો દર્શાવવામાં આવશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓના નવા સ્કૂલ છોડવાના પ્રમાણપત્ર તૈયાર કરી દેવામાં આવ્યા છે અને જે ફેરફારો કરવામાં આવ્યા છે તેને લઈ શિક્ષણતંત્ર જ નહિ પણ સમગ્ર જિલ્લામાં તે ટોક ઓફ ધી ટાઉન બનીને ઉભરી આવેલ છે.

આ સ્કૂલ પ્રમાણપત્રમાં બાળક કયા વર્ષથી અભ્યાસ કરે છે તેની વિગતો તેમજ શાળા છોડ્યાનું કારણ પણ લખવાનું રહેશે.

શાળામાં બાળકને આપવામાં આવતો યુનિક આઈ.ડી. પણ આ સ્કૂલ છોડવાના પ્રમાણપત્રમાં લખવાનો રહેશે.

# પ્રાથમિક શાળાઓમાં મેલેરિયાને ડામવા માટે દર મહીને તપાસનો આદેશ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર જિલ્લાને આગામી વર્ષ ૨૦૨૦ સુધીમાં મેલેરિયા મુક્ત કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. ત્યારે શહેરમાં મેલેરિયાના રોગચાળાને અંકુશમાં લેવા માટે મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા માટે તંત્ર એલર્ટ મોડમાં છે. હાલ પણ રહેણાંક વિસ્તારમાં મચ્છરો ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરી પોરાભક્ષક કામગીરી પણ કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં નગરની શાળાઓમાં પણ મચ્છરોને ઉગતા ડામવા માટે શાસનાધિકારીએ નગરની સરકારી પ્રાથમિક શાળાના આચાર્યોને પણ જરૂરી તકેદારીના પગલા લેવા માટે સુચના આપી છે.

મચ્છરજન્ય મેલેરિયાના રોગચાળાને જિલ્લામાંથી જાકારો આપવા માટે તંત્ર કટિબધ્ધ બન્યુ છે. ત્યારે ચોમાસા દરમિયાન પણ મચ્છરોની ઉત્પત્તિને ડામવા માટે તંત્ર દ્વારા પોરાનાશક કામગીરી તેમજ દવાછંટકાવ સહીતના જરૂરી પગલા લેવામાં આવે છે. મેલેરિયાને ડામવા માટે જનજાગૃતિ કેળવવા પણ પ્રયાસો કરવામાં આવે છે. ત્યારે નગરની શાળાઓમાં પણ મેલેરિયાના રોગચાળાનુ ઉદભવ સ્થાન ન બને તે માટે જરૂરી પગલા લેવાનુ આયોજન કરી દેવાયુ છે. આ મામલે ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં શહેરની પ્રાથમિક શાળાઓમાં મેલેરિયાને ડામવા માટે તકેદારીના પગલા દરમહીને લેવા માટે જરૂરી સુચનાઓ આપવામાં આવી છે. જેમાં આજના મેલેરિયા દિવસ નિમિત્તે નગરની ૩૩ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં મચ્છરો માટે ફેવરેબલ સંજોગોનુ નિર્માણ થતા અટકાવવા માટે દર મહીને જરૂરી પગલા લેવા સુચવાયુ છે. આ મામલે શાસનાધિકારીએ નગરની પ્રાથમિક શાળાઓના આચાર્યોને જરૂરી સુચના આપી છે. જેમાં શાળાઓમાં પાણીના કુંડાની યોગ્ય સફાઈ , પરબ વિસ્તારમાં પાણીનો ભરાવો ન થાય તેની તકેદારી રાખવી, મચ્છરોના પોરાનો નાશ કરવા જરૂરી દવા છંટકાવ સહીતની તકેદારી અને જાગૃતિ દાખવવા માટે પણ જણાંવાયુ છે. દર મહીને આ કામગીરી કરવાની રહેશે તેમ પણ તંત્ર દ્વારા જણાંવાયુ છે . મેલેરિયાના રોગચાળાને ડામવા માટે શિક્ષણતંત્ર પણ હવે જાગૃત બને તે માટે ચોક્કસ કામગીરી નિયત કરવામાં આવી છે.

**શાળાઓમાં પાણીનો ભરાવો તેમજ મચ્છરો ઉત્પત્તિ સ્થાનો ડામવા આચાર્યોને જરૂરી સુચના**


## પાંચગામ લેઉવા પાટીદાર બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી ઓમપ્રકાશ હરજીવનભાઇ કશ્યપ (પટેલ)નું તા. ૨૪-૪-૨૦૧૭ ને સોમવારના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું નીચેના સ્થળે-સમયે રાખેલ છે.

: બાલીસણા :
સવારે ૮ થી ૧૧ ,તા. ૨૭-૪-૨૦૧૭, ગુરૂવાર, સંઘજી હીરજીની વાડી, મુ.પો. બાલીસણા તા.જિ.પાટણ

: ગાંધીનગર :
સવારે ૯ થી ૧૧, તા. ૩૦-૪-૨૦૧૭, રવિવારે, વૃંદાવન બંગ્લોઝ-૨, બીએપીએસ વિદ્યામંદિર સામે, રાયસણ, ગાંધીનગર

લિ.

તરૂલતા ઓમપ્રકાશ કશ્યપ (પત્ની)
ઉપાસના જગદીપસીંઘ બાઘ (પુત્રી)
સૃષ્ટી રોનકકુમાર પટેલ (પુત્રી)
જગદીપસીંઘ રણજીતસીંઘ બાઘ (જમાઇ)
રોનકકુમાર પુરુષોતમભાઇ પટેલ (જમાઇ)
જયંતિભાઇ મોહનભાઇ પટેલ (ભાઇ)
નટવરભાઇ પ્રભુદાસભાઇ પટેલ (કાકા)
કીર્તીભાઇ અંબારામભાઇ પટેલ (ભાઇ)

## શ્રીરંગ પાર્ક કો.ઓ. હાઉસીંગ સ. સોસાયટી લિ.

વાસણા-હડમતિયા, ખ-૦, ગાંધીનગર - ૩૮૨૨૦૬

આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લાટ ધારકોને જણાવવામાં આવે છે કે, મંડળની વર્ષ-૨૦૧૬-૧૮, આઠમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૪/૫/૨૦૧૭ને રવિવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે સોસાયટીની ઓફીસ ખાતે વાર્ષિક અહેવાલમાં જણાવેલ કામકાજ કરવા માટે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી છે. સભાનું કામકાજ પૂર્ણ થયે પરિવાર સાથે ભોજન લઈશું.

**તા.ક.** : દરેક પ્લોટ ધારક તેમજ રહેવાસીએ મંડળીમાં સભાસદ થવાનું બાકી હોય તો તેઓએ તાકિદે દસ્તાવેજી પૂરાવા મોકલી આપવા વિનંતી છે.

**સુરેશભાઈ ડી. પટેલ**
પ્રમુખ
મો. ૯૯૭૪૧ ૩૩૩૯૯

**હરસુખલાલ કે. ગઢિયા**
મંત્રી
મો. ૭૮૭૪૧ ૦૫૦૬૬

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in

## કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

## ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR.FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com